# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩ તા.૯-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે ધોરણ-૧માં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને આપવાની થતી શૈક્ષણિક કીટની વહેંચણી જમાલપુર શા.નં.૪ ખાતે આવેલ સ્ટોર વિભાગમાં નીચે પ્રમાણે દર્શાવેલ તારીખ અને સમય મુજબ રાખવામાં આવેલ છે તો તમામ શાળાઓએ નીચે જણાવ્યા મુજબની શૈક્ષણિક કીટ મેળવી લેવાની રહેશે.

શૈક્ષણિક કીટ મેળવવા માટે નીચે જણાવ્યા મુજબનો રીપોર્ટ અવશ્ય લાવવાનો રહેશે.

| વસ્તુનું નામ | ધો.૧ના વિદ્યાર્થીની સંખ્યા (તા.૬-૮-૧૯ સુધી પ્રવેશ પામેલ વિદ્યાર્થીની સંખ્યા) |
|---|---|
| ૧. સ્કૂલ બેગ | ............. |
| ૨. સ્લેટ | ............. |
| ૩. વોટરબેગ | ............. |

| ક્રમ | ઝોન | લેવા આવવા માટેની તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | પૂર્વ | ૧૩-૦૮-૨૦૧૯/મંગળવાર | ૨-૩૦ થી ૬-૦૦ |
| | | ૧૪-૦૮-૨૦૧૯/બુધવાર | |
| ૨ | પશ્ચિમ | ૧૬-૦૮-૨૦૧૯/શુક્રવાર | |
| | | ૧૯-૦૮-૨૦૧૯/સોમવાર | |
| ૩ | દક્ષિણ | ૨૦-૦૮-૨૦૧૯/મંગળવાર | |
| | | ૨૧-૦૮-૨૦૧૯/બુધવાર | |
| ૪ | ઉર્દૂ | ૨૨-૦૮-૨૦૧૯/ગુરૂવાર | |
| | | ૨૩-૦૮-૨૦૧૯/શુક્રવાર | |
| ૫ | હિન્દી | ૨૬-૦૮-૨૦૧૯/સોમવાર | |
| | | ૨૭-૦૮-૨૦૧૯/મંગળવાર | |
| ૬ | મધ્ય | ૨૮-૦૮-૨૦૧૯/બુધવાર | |
| | | ૨૯-૦૮-૨૦૧૯/ગુરૂવાર | |
| ૭ | ઉત્તર | ૩૦-૦૮-૨૦૧૯/શુક્રવાર | |
| | | ૩૧-૦૮-૨૦૧૯/શનિવાર | |

વસ્તુ લેવા આવનાર શિક્ષકનું નામ　　　　　　　　　　મુખ્ય શિક્ષકશ્રીની સહી

તા.૯-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩-A તા.૯-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :-ધોરણ-૫ ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં કરેલ સુધારાની જાણ કરવા બાબત.
સંદર્ભ :- નં.૫૫મ/ખ/૭૨૭૫-૭૭ ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળનો તા.૮-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ધો.૫ ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પાના નં.૭૮ ૫ર ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સુત્ર '' શિક્ષિત બનો, સંગઠિત બનો, સ્વાવલંબન જ સાચી સહાય છે'' તે પ્રમાણે છપાયેલ છે. તેને સ્થાને ''શિક્ષિત બનો, સંઘર્ષ કરો અને સંગઠિત બનો'' તે મુજબનો ફેરફાર ધ્યાને લેવા સૂચના આપવામાં આવે છે. તમામ શાળાઓમાં શિક્ષકોએ વર્ગખંડમાં વિદ્યાર્થી સમક્ષ સુધારા મુજબનો અભ્યાસ કરાવવાનો રહેશે તથા સુધારો કરાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૯-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-382010 (ફોન નં. ૨૩૨૨૨૨૬૮૫, ૨૩૨૩૦૭૯૫)

નં. પપમ/ખ/ ૧૨૭૫-૭૭
તા. 0 8 AUG 2019

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી(તમામ)

ગુજરાત રાજ્ય

વિષય:- આપની જિલ્લાની શાળાઓને ધોરણ ૫ ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં કરેલ સુધારાની જાણ કરવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ ૫ ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પાના નં. ૭૮ પર ડૉ.બાબાસાહેબ આંબેડકરનું સૂત્ર **"શિક્ષિત બનો, સંગઠિત બનો, સ્વાવલંબન જ સાચી સહાય છે"** તે પ્રમાણે છપાયેલ છે, તેને સ્થાને **"શિક્ષિત બનો, સંઘર્ષ કરો અને સંગઠિત બનો"** તે મુજબનો ફેરફાર ધ્યાને લેવો.

વધુમાં આપની જિલ્લાની તમામ શાળાઓમાં શિક્ષકો વર્ગખંડમાં વિદ્યાર્થી સમક્ષ સુધારા મુજબનો અભ્યાસ કરાવે તથા પાઠ્યપુસ્તકમાં પણ સુધારો કરાવી લે તે પ્રકારની યોગ્ય કાર્યવાહી આપની કક્ષાએથી થાય તે અંગે ઘટતુ કરવા વિનંતી.

સહયોગની અપેક્ષા સહ..

**નાયબનિયામક(શૈક્ષણિક)**
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

(૧) નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર ને જાણ સારુ

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ને જાણ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ ને આ બાબતે સૂચના આપવાની વિનંતી સહ.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩-B તા.૯-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- મ્યુનિ. શાળાઓમાં હાલમાં ચોમાસા ઋતુ અન્વયે અમુક સ્કૂલોમાં વરસાદી પાણી લીકેઝ થઈ ઈલેકટ્રીક ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ તેમજ સીલીંગમાંથી લીકેઝ થઈ ઈલેકટ્રીક ફેન તેમજ સ્વીચબોર્ડ પર પડતું હોઈ સદર સ્કૂલોમાં પ્રિન્સીપાલને સૂચના આપી ઝોનના ઈજનેર ખાતેથી તાકીદે રીપેર કરવા બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(લાઈટ ખાતું) આઉટવર્ડ નં.૪૩૪૩ તા.૨-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,મ્યુનિ. શાળાઓમાં હાલમાં ચોમાસા ઋતુ અન્વયે અમુક સ્કૂલોમાં વરસાદી પાણી લીકેઝ થઈ ઈલેકટ્રીક ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ તેમજ સીલીંગમાંથી લીકેઝ થઈ ઈલેકટ્રીક ફેન તેમજ સ્વીચબોર્ડ પર પડતું હોઈ સદર સ્કૂલોના મુખ્ય શિક્ષકે જે-તે ઝોનના ઈજનેર ખાતેથી તાકીદે રીપેર કરવા જાણ કરવી. આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે. જેનો અભ્યાસ કરી સંબંધિત શાળાઓએ ચૂસ્ત પાલન કરવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૯-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શાસનાધિકારીશ્રી વી/કો,
(નગર પ્રા.શિ.સમીતી,અમદાવાદ)

વિષયઃ- અ.મ્યુ.કોર્પો.ના હસ્તકના જુદી-જુદી મ્યુનિ. સ્કુલોમાં હાલમાં ચોમસા ઋતુ અન્વયે અમુક સ્કુલોમાં વરસાદી પાણી લીકેઝ થઇ ઇલેકટ્રીક ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ તેમજ સીલીગમાંથી લીકેઝ થઇ ઇલેકટ્રીક ફેન તેમજ સ્વીચબોર્ડ પર પડતું હોઇ સદર સ્કુલોમાં પ્રિન્સીપાલને સુચના આપી ઝોનના ઇજનેર ખાતેથી તાકીદે રીપેર કરવા સુચના આપવા બાબત.

વિગતઃ- અ.મ્યુ.કોર્પો.ના હસ્તકના જુદી-જુદી મ્યુનિ. સ્કુલોમાં વિઝીટ કરતાં બાપુનગર ઉર્દુ શાળા નં.૦૧,૦૨,અમરાઇવાડી હિન્દી શાળા નં.૫,૬, અમરાઇવાડી ગુજરાતી શાળા નં.૧૬ વગેરે સ્કુલમાં સીલીગ માં ભેજ આવતો હોઇ હાલમાં ચોમસા ઋતુ અન્વયે અમુક સ્કુલોમાં વરસાદી પાણી લીકેઝ થઇ ઇલેકટ્રીક ડિસ્ટ્યુબિશન બોર્ડ તેમજ સીલીગમાંથી લીકેઝ થઇ ઇલેકટ્રીક ફેન તેમજ સ્વીચબોર્ડ પર પડતું હોય છે.જેથી શોર્ટ સર્કિટના બનાવો બની શકે છે.જેથી તાકીદે આપના ખાતેથી અ.મ્યુ.કોર્પો.ના હસ્તકના જુદી-જુદી મ્યુનિ. સ્કુલોમાં ફરજ બજાવતા પ્રિન્સીપાલોને સુચના આપી જે સ્કુલોમાં સીલીગમાંથી પાણી લીકેઝ કે દિવાલોમાં ભેજ આવતો હોય તે સ્કુલોનો રીપોર્ટ ઝોનમાં આવતા સીવીલ ડિપાર્ટમેન્ટને કરી રીપેર કરાવવા વિનંતી છે.જો તેમ ન થાય ને ભેજ કે પાણી પડવાથી શોર્ટ સર્કિટના બનાવો બનશે તો તેમાં લાઇટખાતાની જવાબદારી રહેશે નહી.

આમ ઉપરોકત હકીકતથી વિદીત થઇ સદરહુ જગ્યાઓએ ફરજ બજાવતા પ્રિન્સીપાલોને સુચના આપી જે સ્કુલોમાં સીલીગમાંથી પાણી લીકેઝ કે દિવાલોમાં ભેજ આવતો હોય તે સ્કુલોનો રીપોર્ટ ઝોનમાં આવતા સીવીલ ડિપાર્ટમેન્ટને કરી તાકીદે રીપેર કરાવવા વિનંતી છે.

| એ.ઇ. | એ.સી.ઇ. | ડે. સી.ઇ. (ઇલે.)૨ | એડી.ચીફ એન્જી. (ઇલેકટ્રીકલ) |
|---|---|---|---|

**નકલ સાદર રવાના :** ડે.મ્યુ.કમિશનરશ્રી (લાઇટ)- આપ સાહેબશ્રીની જાણ સારૂ.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩-C તા.૯-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- એસએસએ/એમએડી/૨૦૧૯/૨૬૦૭૫-૧૧૩ તા.૨૯-૭-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,મ્યુનિ. શાળાઓમાં દર વર્ષે ગુજરાત સરકાર તરફથી બે વાલી સંમેલનનું આયોજન કરવાની તથા ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઈ કરેલ છે. સમાજ જાગૃતિ તથા જનજાગૃતિના સંદર્ભમાં શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે તેટલી શાળા વધારે જીવંત તથા સંમૃદ્ધ બનશે આ માટે વાલી સંમેલન યોજવાના થાય છે. વાલી સંમેલન માટે એક વાલી સંમેલનના સરભરા ખર્ચ રૂ.૨૦૦/- અને ડોકયુમેન્ટેશનના રૂ.૧૦૦/- મુજબ ખર્ચ કરવાનો રહેશે. ચાલુ વર્ષ દરમ્યાન આવા કુલ બે વાલી સંમેલન યોજવાના રહેશે. જે માટેની પ્રતિ એસ.એમ.સી. દીઠ રૂ.૬૦૦/-ની ગ્રાન્ટ સર્વ શિક્ષા અભિયાન દ્વારા જમા કરાવેલ છે. જેનો ખર્ચ આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરી વાલી સંમેલન યોજવાના રહેશે અને આ માટે બનાવેલ ડોકયુમેન્ટેશન સી.આર.સી. કો.ઓર્ડિનેટરને તા.૩૦-૧-૨૦૨૦ સુધીમાં જમા કરાવવાના રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૯-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર, (ગુજરાત રાજ્ય)
ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૩૧૩૩, ફેક્સ નં.- ૦૭૯-૨૩૨ ૩૨૪૩૬
હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫
E-mail : spossamedia@gmail.com,

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ક્રમાંક:એસ.એસ.એ/એમ.એન્ડડી/૨૦૧૯/૨૬૦૭૫ - ૧૧૩ તા.૨૯.૭. ૨૦૧૯

પ્રતિ
૧.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા તમામ
૨.શાસનાધિકારીશ્રી તમામ

વિષય: વાલી સંમેલનનું આયોજન કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે,વર્ષ-૨૦૧૯-૨૦ અન્વયે ગુજરાત સરકારે બે (૨) વાલી સંમેલનનું આયોજન કરવાની તથા તેના ડોક્યુમેન્ટેશન કરવાની જોગવાઇ કરેલ છે.સમાજ જાગૃતિ તથા જન જાગૃતિના સંદર્ભમાં ગામના નાગરિકો,ગામના કેળવણીકારો અને શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ લેતાં હશે,તેટલી શાળા વધારે જીવંત તથા સમૃધ્ધ બનશે. આ ઉપરાંત ગામના તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે.પરિણામે શાળા ધ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે.ઘર એ પણ એક શાળા છે. જો વાલી જાગૃત હશે તો ઘરે બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે.આ પ્રસ્તાવનાના સંદર્ભમાં રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ ગર્લ્સ હોસ્ટેલ/ટાઇપ-૪ કે.જી.બી.વીમાં વર્ષ-૧૯-૨૦માં વાલી સંમેલનનું આયોજન કરવા માટે જિલ્લા વાર/શાળા પ્રમાણે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.આ અંગે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**(૧) વાલી સંમેલનના ચર્ચા કરવાના મુદાઓ**

૧.શાળામાં શિક્ષણ **WSDP (Whole School Development Plan)** પર વિચારણા અને ચિંતન.
૨.શાળા સ્વચ્છતા ટોયલેટ,સ્વચ્છ ખોરાક તેમજ ચોખ્ખું પાણી અંગે ચર્ચા .
૩.બાળકોના પ્રવેશ નિયમિતતા શિક્ષણની ગુણવત્તા.
૪.૬થી૧૪વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના આયોજન બાબત.
૫.વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો **CWSN** ની માહિતી,સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
૬.ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
૭.ડ્રોપ આઉટ બાળકો માટે વિચારણા .
૮.કન્યા શિક્ષણ માટે ચિંતન.
૯.જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અન્વયે બાળકોના શિક્ષણ બાબતે ચર્ચા.
૧૦.સાંસ્કૃતિક પ્રવૃતિઓ રમત ગમતના કાર્યક્રમો બાબતે વિચારણા.
૧૧.વૃક્ષારોપણ,જળસંચય,ગ્રીનસ્કુલ,કમ્પ્યુટર લેબનો ઉપયોગ માટે વિચારણા.

(૨) વાલી સંમેલનમાં કોણ આમંત્રિત હશે.

➢ શાળામાં ભણતાં બાળકોના વાલીઓ, એસ.એમ.સી સભ્યશ્રીઓ, જે તે વિસ્તારના વડીલ વ્યકિતઓ,ગામના રોલ મોડેલ સમાન વ્યકિતઓ ગામ પ્રેરક અને કર્મઠ વ્યકિતત્વ ધરાવતા વ્યકિતઓ,ગામના કેળવણીકારો.

(૩) કરવાની થતી પ્રવૃતિઓ

**પ્રથમ** સત્રમાં તમામ એસ.એમ.સી/કે.એમ.સી.માં ૧૫ મી ઓગસ્ટના સ્વાતંત્રય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી કરવાની રહેશે.બીજા સત્રના વાલી સંમેલનમાં તમામ એસ.એમ.સી.માં ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૦ પ્રજાસત્તાક દિન નિમિત્તે "દીકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે.આ કાર્યક્રમ અંતગર્ત આ વર્ષે ગામમાં જેટલી દીકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતા-પિતાને અને ગામમાં સૌથી વધારે જે દીકરી ભણેલ હોય અને હાલ ગામમાં રહેતી હોય તેવી દીકરીને અને તેના માતા-પિતાને ગામની શાળા વ્યવસ્થાપન સમિતિ ધ્વારા જાન્યુઆરી-૨૦૨૦ના દિવસે સન્માનપત્ર દિકરીને શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન કરવું અને તેમને સ્મૃતિ ચિન્હ આપવું તેમજ ગામની સૌથી વધુ ભણેલી દિકરીને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું.જેમાં **CWSN** દીકરી જો ગામમાં હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

(૪) ખર્ચની ગણતરીઃ

એક વાલી સંમેલનના સરભરા ખર્ચ રૂ.૨૦૦/-અને ડોકયુમેન્ટેશનના રૂ.૧૦૦/-મંજુર થયેલ છે.જેથી બે સત્રના કુલ-રૂ.૬૦૦/-પ્રતિ સરકારી પ્રાથમિક શાળાઓ તથા ગર્લ્સ હોસ્ટેલ/ટાઈપ-૪ કે.જી.બી.વીમાં ખર્ચ કરવાનો રહેશે. **GOG Budget EDN-10** હેઠળ પાડવાનો રહેશે.આ અંગેની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી એસ.એમ.સીના **PFMS** માં જમા થાય તે રીતે કાર્યવાહી કરવા જણાવશો.

(૫) વાલી સંમેલન માં નીચે મુજબની ખાસ તકેદારી રાખવીઃ-

૧. વાલી સંમેલનની સફળતાની શરતો માટે અસરકારક આયોજન તથા મોનીટરીંગ કરવાનું રહેશે.
૨. જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં સહીઓ લેવી તથા ડોકયુમેન્ટેશન કરાવવું.
૩. વાલી સંમેલનમાં જે સુચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવું.
૪. વાલીસંમેલનનો સમય ગામના આગેવાનો તેમજ વાલીઓને અનુકૂળ હોય તેવો રાખવો.
૫. બન્ને વાલી સંમેલનના પત્રક અહેવાલ આ કચેરીએ (જિલ્લાનું એકંદરીકરણ પત્રક)મોકલી આપવાનું રાખશો.આ કામગીરી સમયમર્યાદામાં થાય તે ખાસ જોવા વિનંતી છે.

નિયામક (પ્રા.શિ.)
પ્રાથમિક નિયામકની કચેરી ગુ.રા
ગાંધીનગર

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસ.પી.ઓ.,એસ.એસ.એ.
ગાંધીનગર

<u>સવિનય નકલ રવાનાઃ</u>

– પી. એ. ટુ માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ ગુ. રા., બ્લોક.નં.૫/૭ સરદાર ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના :</u>

— સ્ટેટ ઓ.આઇ.સી ગર્લ્સ એજયુકેશન સદર કચેરી
— મદદનીશ જિલ્લા કો. ઓ. -ગર્લ્સ એજયુકેશન, જિઃ તમામ અને નગરપાલિકા : તમામ

## વાલી સંમેલનની ગ્રાન્ટ ફાળવણી પત્રક

| ક્રમ | જિલ્લાનુંનામ | સરકારી શાળા | કેજીબીવી | કુલ શાળા તથા કેજીબીવી | વાલી સંમેલનની કુલ ગ્રાન્ટ રૂ.૪૦૦/-લેખે | શાળાદીઠ વિડીયોગ્રાફી અને ડોકયુમેઈનટેનન્સની ગ્રાન્ટ રૂ.૨૦૦/-લેખે | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | 822 | 7 | 829 | 331600 | 165800 | 497400 |
| 2 | AMC | 372 | 0 | 372 | 148800 | 74400 | 223200 |
| 3 | AMRELI | 781 | 3 | 784 | 313600 | 156800 | 470400 |
| 4 | ANAND | 1040 | 1 | 1041 | 416400 | 208200 | 624600 |
| 5 | ARAVALLI | 1244 | 4 | 1248 | 499200 | 249600 | 748800 |
| 6 | BANAS KANTHA | 2378 | 19 | 2397 | 958800 | 479400 | 1438200 |
| 7 | BHARUCH | 931 | 2 | 933 | 373200 | 186600 | 559800 |
| 8 | BHAVNAGAR | 1018 | 10 | 1028 | 411200 | 205600 | 616800 |
| 9 | BOTAD | 252 | 3 | 255 | 102000 | 51000 | 153000 |
| 10 | CHHOTAUDEPUR | 1251 | 4 | 1255 | 502000 | 251000 | 753000 |
| 11 | DEV.DWARKA | 648 | 7 | 655 | 262000 | 131000 | 393000 |
| 12 | DOHAD | 1655 | 16 | 1671 | 668400 | 334200 | 1002600 |
| 13 | GANDHINAGAR | 625 | 1 | 626 | 250400 | 125200 | 375600 |
| 14 | GIR SOMNATH | 556 | 6 | 562 | 224800 | 112400 | 337200 |
| 15 | JAMNAGAR | 757 | 3 | 760 | 304000 | 152000 | 456000 |
| 16 | JUNAGADH | 762 | 3 | 765 | 306000 | 153000 | 459000 |
| 17 | KACHCHH | 1744 | 11 | 1755 | 702000 | 351000 | 1053000 |
| 18 | KHEDA | 1391 | 1 | 1392 | 556800 | 278400 | 835200 |
| 19 | MAHESANA | 1007 | 2 | 1009 | 403600 | 201800 | 605400 |
| 20 | MAHISAGAR | 1227 | 3 | 1230 | 492000 | 246000 | 738000 |
| 21 | MORBI | 596 | 5 | 601 | 240400 | 120200 | 360600 |
| 22 | NARMADA | 692 | 4 | 696 | 278400 | 139200 | 417600 |
| 23 | NAVSARI | 733 | 1 | 734 | 293600 | 146800 | 440400 |
| 24 | PANCH MAHALS | 1418 | 10 | 1428 | 571200 | 285600 | 856800 |
| 25 | PATAN | 812 | 8 | 820 | 328000 | 164000 | 492000 |
| 26 | PORBANDAR | 320 | 2 | 322 | 128800 | 64400 | 193200 |
| 27 | RAJKOT | 901 | 2 | 903 | 361200 | 180600 | 541800 |
| 28 | RMC | 81 | 1 | 82 | 32800 | 16400 | 49200 |
| 29 | SABAR KANTHA | 1224 | 3 | 1227 | 490800 | 245400 | 736200 |
| 30 | SMC | 335 | 0 | 335 | 134000 | 67000 | 201000 |
| 31 | SURAT | 983 | 2 | 985 | 394000 | 197000 | 591000 |
| 32 | SURE.NAGAR | 899 | 14 | 913 | 365200 | 182600 | 547800 |
| 33 | TAPI | 800 | 6 | 806 | 322400 | 161200 | 483600 |
| 34 | THE DANGS | 382 | 3 | 385 | 154000 | 77000 | 231000 |
| 35 | VADODARA | 1066 | 1 | 1067 | 426800 | 213400 | 640200 |
| 36 | VALSAD | 998 | 4 | 1002 | 400800 | 200400 | 601200 |
| 37 | VMC | 104 | 1 | 105 | 42000 | 21000 | 63000 |
| | **Grand Total** | **32805** | **173** | **32978** | 13191200 | 6595600 | 19786800 |

Source:- U-DISE data

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૩-D તા.૯-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ધોરણ-૧ અને ૨ માં સામાયિક (ત્રિમાસિક) કસોટી અંતર્ગત ટેલીકોન્ફરન્સ નિહાળવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી./સી એન્ડ ઈ/૨૦૧૯/૨૦૧૭૮-૨૦૨૦૩ તા.૯-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,તા.૧૩ અને ૧૪ ઓગષ્ટ દરમ્યાન ધો.૧ અને ૨ માં સામાયિક (ત્રિમાસિક) કસોટી યોજાનાર છે. આ અંગે માર્ગદર્શનના હેતુસર જીસીઈઆરટી દ્વારા તા.૧૦-૮-૨૦૧૯ શનિવારે સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન બાયસેગના માધ્યમથી વંદેગુજરાત ચેનલ-૧ પર ટેલીકોન્ફરન્સ યોજાનાર છે. સદર ટેલીકોન્ફરન્સ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો, ધો.૧ અને ૨ માં શિક્ષણકાર્ય કરાવતા વિષય શિક્ષકો,બી.આર.સી.સી., સી.આર.સી.સી. તેમજ બી.આર.પી. પ્રજ્ઞાના શિક્ષકોએ અચૂક નિહાળવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૯-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/C&E/૨૦૧૯ ૨૦૧૯૮-૨૦૨૦૩
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : ૦૮/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ધોરણ ૧ અને ૨ માં સામયિક (ત્રિમાસિક) કસોટી અંતર્ગત ટેલિકોન્ફરન્સ બાબત

**સંદર્ભઃ** તા. ૦૫/૦૮/૨૦૧૯ની શાખાનોંધ પર માન. શિક્ષણસચિવશ્રીનાં મળેલ આદેશાનુસાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા. ૧૩ અને ૧૪ ઓગસ્ટ દરમિયાન ધોરણ ૧ અને ૨માં સામયિક (ત્રિમાસિક) કસોટી યોજાનાર છે. આ અંગે માર્ગદર્શનનાં હેતુસર જીસીઈઆરટી દ્વારા નીચેની વિગતે બાયસેગનાં માધ્યમથી વંદે ગુજરાત ચેનલ -૧ પર એક ટેલિકોન્ફરન્સ યોજવામાં આવનાર છે. સદર ટેલિકોનફરન્સનાં પ્રસારણમાં આપના જિલ્લાની પ્રાથમિકશાળાઓનાં મુખ્યશિક્ષકો, ધોરણ ૧ અને ૨માં શિક્ષણકાર્ય કરાવતા વિષયશિક્ષકો, BRCC, CRCC તેમજ BRP પ્રજ્ઞાને અચૂક નિહાળવા, ઉપસ્થિત રહેવા આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી છે.

**તારીખઃ ૧૦/૦૮/૨૦૧૯ (શનિવાર)**
**સમયઃ સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક**

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર